જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧/૦૬/૨૦૧૬ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૧૧ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૭૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાતની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૬/૧૬**

જીઆઈડીસી વટવાઃ આશિષભાઈ પ્રવિણભાઈ ગોહિલ (રહે.સર્વોદયનગર વિભાગ-૧ સોલા રોડ ઘાટલોડીયા) એ તા.૩૧/૫/૧૬ નારોજ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશિષભાઈની સિક્યુર ટ્રાન્સ.ઈન્ડીયા પ્રા.લી. કંપનીમાં કેસ વાનમાં લોઈડર તરીકે કામ કરતા આરોપી મનોજભાઈ કિશોરભાઈ બેટવાલા (રહે.ગેરતપુર રોડ હાથીજણ તાલુકો દસ્ક્રોઈ જીલ્લો અમદાવાદ) એ તા.૨૫/૫/૧૬ બપોરના ૪/૩૦ થી સાંજના ૭/૩૦ વાગ્યા દરમ્યાન જીઆઈડીસી વટવા ફેઝ-૨ મહેન્દ્ર કોટક બેન્કની નરોડા બ્રાન્ચની પેટીમાંથી કોઈપણ રીતે રૂપિયા ૫,૦૦,૦૦૦/- કાઢી લઈ વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ એમ ઠાકોર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૭/૧૬**

**નિકોલઃ** અરૂણાબહેન નારણભાઈ પટેલ (રહે.સુર્ય કિરણ બંગલોઝ રસપાન પાર્ટી પ્લોત નિકોલ) એ નિકોલ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૫/૧૬ કલાક ૨/૩૦ થી કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં પાછળના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪,૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ જે ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૧૮/૧૬</u>**

**સેટેલાઈટઃ** સુશીલકુમાર નગેન્દ્રકુમાર કૌશલ (રહે.અનુપમ ફ્લેટ મહાદેવ મંદિરની બાજુમાં જોધપુર) એ તા.૩૦/૫/૧૬ નારોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૫/૧૬ કલાક ૭/૧૫ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઘરમાંથી લેપટોપ અને ત્રણ મોબાઈલ મળી કુલ રૂપિયા ૪૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ભગવાનભાઈ મોતીભાઈ ચલાવે છે.

**ઓઢવઃ** સંતોષકુમાર બદ્રીપ્રસાદ પાંડે (રહે.કલ્યાણકેન્દ્ર ગુજરાતી શાળા નંબર-૩ સામે બાપુનગર) એ તા.૩૧/૫/૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૫/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૧૨/૫/૧૬ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન ઓઢવ સારથી કોમ્પલેક્ષ સારથી હોટલ સામે સાડીના પાર્સલ ભરેલ પાર્ક કરેલ પોતાની ટ્રકની તાડપત્રી કાપી અજાણી વ્યક્તિએ ટ્રકમાંથી ગાસડી નંગ-૨૨ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી એન ચૌધરી ચલાવે છે.

**<u>બેગ ઝુટવી લઈ ગયોઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૧૯/૧૬</u>**

**કાલુપુરઃ** લાલારામ ઉર્ફે લલીતભાઈ રાયકા (રહે.શ્રેયસ રેસીડન્સી પુજા ડુપ્લેક્ષની અંદર આઈઓસી રોડ ચાંદખેડા) તા.૨૮/૫/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર રતનપોળ શેઠની પોળ ડી.કે.કોમ્પલેક્ષના નાકે ચાની કિટલી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પુરૂષ લાલારામ ઉર્ફે લલીતભાઈ પાસે આવી શર્ટ ઉપર ગંદુ નાખી લાલારામની નજર ચુકવી લાલારામની બેગ ઝુટવી લઈ નાસી ગયો હતો. આ બેગમાં સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૩,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ લાલારામ રાયકાએ તા.૩૧/૫/૧૬ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી પી મેઘલાતર ચલાવે છે.

**<u>ખભામાં ભરાવેલ પર્સ ખેચી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૨૦/૧૬</u>**

**માધવપુરાઃ** હીનાબહેન જયેશભાઈ પટેલ (ઉ.વ.૪૭) (રહે.વસાવિલા ફ્લેટ નારણપુરા ચાર રસ્તા) તા.૩૧/૫/૧૬ કલાક ૦૦/૧૫ વાગ્યાના સુમારે દિલ્હી દરવાજા બહાર બીઆરટીએસ બસ સ્ટેન્ડ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સુઝુકી એક્સેસ ઉપર આવેલ ( ૨૦ વર્ષના આશરાના) બે પુરૂષ હીનાબહેનના ખભે ભરાવેલ પર્સ ખેચી ઝુટવી લઈ નાસી ગયા હતા. આ પર્સમાં મોબાઈલ નંગ-૨ કિમત રૂપિયા ૧૬,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ હીનાબહેન પટેલે માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એ ચૌધરી ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૨૧/૧૬</u>**

**સાબરમતીઃ** ભીખાભાઈ રતીલાલ શાહ (ઉ.વ.૭૨) (રહે.આમ્રકુંજ સોસાયટી કોઠારી ટાવર પાસે રામનગર સાબરમતી) તા.૩૧/૫/૧૬ કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે સાબરમતી રામનગર આમ્રકુંજ સોસાયટીમાં આવેલ જીનાલય નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભીખાભાઈના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૨,૫૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભીખાભાઈ શાહે સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી એન સાધુ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ઘાટલોડીયાઃ ધર્મિષ્ઠાબહેન સુર્યકાંતભાઇ પટેલ (ઉ.વ.૬૫) (રહે.‘ઇ’ ટાઇપ ટાવર સરકારી વસાહત વસ્ત્રાપુર) તા.૩૧/૫/૧૬ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા સ્ટર્લીંગ ચાર રસ્તા પર આવેલ રાજુ કોમ્પ્લેક્ષના ખુણા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ધર્મિષ્ઠાબહેનના ગળામાંથી સોનાની હિરાજડીત કંઠી કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ધર્મિષ્ઠાબહેન પટેલે ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી એલ ગોહિલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)